**વડોદરા મહાનગરપાલિકા**
**આરોગ્ય વિભાગ**
**www.vmc.gov.in**
**ભરતી અંગેની જાહેરાત**

વડોદરા મહાનગરપાલિકામાં આરોગ્ય વિભાગમાં GUHP અંતર્ગત 24*7 અર્બન પીએચસી તેમજ અર્બન સીએચસી ખાતે આઉટ સોર્સિંગથી નીચે જણાવેલ જગાઓ પર ભરતી કરવા માટે માત્ર ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.vmc.gov.in વેબસાઇટ પર તા.– **૨૬/૧૨/૨૦૨૪ (૧૩.૦૧ કલાક)** થી તા. **૦૨/૦૧/૨૦૨૫ (૨૩.૫૯ કલાક)** સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગા |
|---|---|---|
| ૧ | સિક્યોરીટી ગાર્ડ(24*7 અર્બન પીએચસી) | ૧૦ |
| ૨ | પટાવાળા (અર્બન સીએચસી) | ૦૨ |
| ૩ | વોર્ડ બોય (અર્બન સીએચસી) | ૦૭ |
| ૪ | આયા (અર્બન સીએચસી) | ૦૨ |
| ૫ | વોચમેન (અર્બન સીએચસી) | ૦૯ |
| ૬ | સફાઇ સેવક/સ્વીપર (અર્બન સીએચસી) | ૦૧ |

(૧) કોઈપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતિઓ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે.

નોંધઃ– ઉપરોક્ત જગા ઉપરાંત ભવિષ્યમાં ખાલી પડનાર કે નવી આઉટ સોર્સિંગની જગા ભરવા માટે પણ ૨ વર્ષ સુધીની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

ડે.મ્યુનિસિપલ કમિશનર
પી.આર.ઓ. નં ૯૦૮/૨૪-૨૫ વડોદરા મહાનગરપાલિકા

# આરોગ્ય વિભાગ
# વડોદરા મહાનગરપાલિકા

## ભરતી માટેની જાહેરાત
## (જાહેરાત ક્રમાંકઃ ૯૦૮/૨૦૨૪-૨૫)

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | શૈક્ષણીક લાયકાત | ફિક્સ પગાર (પ્રતિ માસ) |
|---|---|---|---|---|
| ૧ | સિક્યોરીટી ગાર્ડ(24*7 અર્બન પીએચસી) | ૧૦ | ધોરણ ૮ પાસ તેમજ ગુજરાતી ભાષાનું સંપુર્ણ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. આર્મીના એક્સ સર્વીસમેનને પસંદગીમા પ્રાધાન્ય | શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારના નિયમ અનુસાર |
| ૨ | પટાવાળા (અર્બન સીએચસી) | ૦૨ | ઓછામાં ઓછુ ૮ ધોરણ પાસ, અંગ્રેજી જાણકારને પ્રાધાન્ય | શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારના નિયમ અનુસાર |
| ૩ | વોર્ડ બોય (અર્બન સીએચસી) | ૦૭ | ધોરણ-૭ પાસ, ગુજરાતી ભણેલા અને કામનો અનુભવ | શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારના નિયમ અનુસાર |
| ૪ | આયા (અર્બન સીએચસી) | ૦૨ | ઓછામાં ઓછુ ૮ ધોરણ પાસ, ૩ વર્ષનો અનુભવ | શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારના નિયમ અનુસાર |
| ૫ | વોચમેન (અર્બન સીએચસી) | ૦૯ | ધોરણ-૮ પાસ તેમજ ગુજરાતી ભાષાનું સંપુર્ણ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.આર્મીના એક્સ સર્વીસમેનને પસંદગીમાં પ્રાધાન્ય | શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારના નિયમ અનુસાર |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | **સફાઇ સેવક/સ્વીપર** (અર્બન સીએચસી) | **૦૧** | ધોરણ-**૪ પાસ, સફાઇની** કામગીરી કરી **શકે** તેવો **હોવો** જોઇએ | **શ્રમ અને રોજગાર વિભાગ,** ગુજરાત **સરકારના** નિયમ **અનુસાર** |

**જાહેરાતની સામાન્ય જોગવાઇઓ:**

1. **ઉપર** જણાવેલ જગ્યા **માટે ઉમેદવારી** કરતાં **પહેલાં ઉમેદવારે પોતે** જરૂરી **પાત્રતા** ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. **રસ** ધરાવતા **ઉમેદવારોએ** તા. **૨૬/૧૨/૨૦૨૪** (**૧૩-૦૦** કલાક) થી તા. **૦૨/૦૧/૨૦૨૫**(**૨૩-૫૯** કલાક) દરમ્યાન www.vmc.gov.in **વેબસાઇટ પર** ઓનલાઇન **અરજી** કરવાની **રહેશે**. ઓનલાઇન **અરજી** કરતાં **પહેલા ભરતીને લગતી માહિતી** તેમજ **સુચનાઓ** www.vmc.gov.in **ઉપરથી વાંચી લેવાની રહેશે**.
3. **શૈક્ષણિક માહીતી:** દરેક **પોસ્ટ માટેની શૈક્ષણિક માહીતી** જો **સામેલ** education qualification details **મા** ના **હોય** તો OTHER1 **અને** કોમ્પુટર કોર્ષ ની **માહીતી** OTHER2 **માં ભરવી**.
4. **વયમર્યાદા:**
   **૪૫ વર્ષ** થી **વધુ** તેમજ નિવૃત **ઉમેદવાર અરજી** કરી **શકશે** નહીં .
5. **અરજી સ્વીકારવાની** છેલ્લી તારીખને ધ્યાને **લઇને ઉંમર** ગણવામાં **આવશે**.
6. **ઉમેદવારે** નિયત **અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી** ગણવામાં **આવશે અને** તેના **પુરાવાઓ** કચેરી દ્વારા **માંગવામાં આવે** ત્યારે **અસલમાં રજુ** કરવાના **રહેશે અન્યથા અરજીપત્રક** જે તે તબકકે **રદ** ગણવામાં **આવશે**.
7. **ભરતી પ્રક્રિયા** દરમ્યાન જો કોઇ **ઉમેદવાર** દ્વારા **સીધી અથવા આડકતરી રીતે રાજકીય** કે **અન્ય** કોઇ **રીતે ભલામણના પ્રયાસ** કરનાર **ઉમેદવાર** ગેરલાયક ઠરશે.
8. **ઉમેદવારે અરજી પત્રકમાં** કોઇ **પણ વિગત** ખોટી **બતાવેલ હશે અને** તે ધ્યાનમાં **આવશે** તો તેનું **અરજીપત્રક**/નિમણુંક કોઇ **પણ** તબકકે **રદ** કરવામાં **આવશે**.
9. **આ** જાહેરાત **અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકા** ના **સક્ષમ અધિકારીશ્રી** દ્વારા નિર્ણય કરવામાં **આવશે**.
10. **પ્રમાણપત્રોની પ્રત્યક્ષ** ચકાસણી/**લેખિત/મૌખિક** કસોટી **માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને** કોઇપણ જાતનું **મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર** થશે નહીં.
11. **આ** જાહેરાત કોઇ **પણ** કારણસર **રદ** કરવાની કે તેમાં **ફેરફાર** કરવાની **આવશ્યકતા ઉભી** થશે તો તેમ કરવાનો **સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ** કમિશ્નરશ્રી, **વડોદરા** ને **રહેશે**.
12. **ઉમેદવારને** ઓનલાઇન **અરજી** કર્યા **બાદ** જાહેરાત **સંબંધી અન્ય** કોઇ **સુચના માટે** www.vmc.gov.in **વેબસાઇટ સતત** જોતા **રહેવા અનુરોધ** છે.

તા. **૨૪/૧૨/૨૦૨૪**

ડે.**મ્યુ**નિસિપલ કમિશ્નર(**આ**)
**વડોદરા મહાનગરપાલિકા**